सत्यमेव जयते

# અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.

દાખલ તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
રજુ. તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સમય ગાળો : વ. મા. દિ.
૦૦– ૦૦ –૦૨

**ફોજદારી કેસ નંબર : ૧૦૩૯/૨૦૨૬.**

આંક :–____

ફરિયાદી :– **શ્રી સરકાર**

વિરૂધ્ધ

આરોપી :– **નદીમભાઈ હનીફભાઈ બાનવા,**
રહે. જૂનાગઢ, કુંભારવાડા,

**આરોપ :– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ.**

**–: ઠ રા વ :–**

**(૧)** આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૧૧/૨૦૨૫ ના કલાક ૦૯:૦૫ વાગ્યે જૂનાગઢ ગીરીરાજ મેઈન રોડ ઉપર જાહેર માર્ગ તથા ફુટપાથ તથા જાહેર સ્થળો ખાતે ઘાંસચારાનું વેચાણ કરી , આરોપીએ જૂનાગઢના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાની ફરિયાદ, ફરિયાદીએ જૂનાગઢ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી.

**(૨)** આજરોજ આરોપી હાજર હોય આરોપી તરફે રજુ થયેલ કબુલાત પુરસીસ જોતાં, આરોપી ઉપરોકત ગુનાની કબુલાત કરવા માંગે છે.

(૩) આરોપીની ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાતું હોય, આરોપીની ગુનાની કબુલાત સ્વીકારવામાં આવે છે, આરોપી ગરીબ વર્ગના હોય, તેઓનો આ પ્રથમ ગુનો હોય, હવે પછી તેઓ આ પ્રકારનો ગુનો કરશે નહી અને ગુના અંગે પશ્ચાતાપ હોવાનું જણાવતા હોય, તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જરૂરી માનું છું. ગુનો તથા કાયદામાં સજાની જોગવાઈ જોતાં, પેનલ્ટીનો હુકમ પુરતો હોવાનું માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી **નદીમભાઈ હનીફભાઈ બાનવા,** રહે. જૂનાગઢ વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, **રૂા.૫૦૦/-** (અંકે રૂપિયા પાંચસો પુરા) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબના ગુનામાં **રૂા.૧૦૦/-** (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૪મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સહી કરી રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

મુકામ : જૂનાગઢ
તારીખ: ૧૪/૦૩/૨૦૨૬

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ.
**(GJ-00862)**

**એમ.એમ. નં............. તા..................... થી**
**રૂા................................ દંડના વસુલ લીધા.**

**નાઝીર,**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.**